For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# દ.ગુ.માં ૧૯-૨૦ માર્ચે માવઠાની આગાહી

**હવામાન વિભાગે યલો એલર્ટ પણ જાહેર કર્યું, કેટલાક વિસ્તારોમાં ૪૦ થી ૫૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાશે**

અમદાવાદ : રાજ્યમાં તાજેતરમાં ભારે ગરમી બાદ હવે ગરમીનો પારો નીચે ઉતરવા લાગ્યો છે. જે તાપમાન 41 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું તે હવે ઘટી રહ્યું છે. તેમાં પણ રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. ૧૮ માર્ચથી ૧૯ માર્ચની સવારે સુધી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

### રાજ્યનાં ક્યાં શહેરમાં પારો કેટલી ડિગ્રીએ રહ્યો!

રાજ્યના અન્ય શહેરોમાં પણ ગરમીનો પ્રભાવ જોવા મળ્યો હતો. ભૂજમાં ૩૮ ડિગ્રી, નલિયામાં ૩૬ ડિગ્રી, કંડલા પોર્ટ પર ૩૫ ડિગ્રી અને કંડલા એરપોર્ટ પર ૩૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભાવનગરમાં ૩૫ ડિગ્રી, પોરબંદરમાં 33 ડિગ્રી, રાજકોટમાં ૩૯.2 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૩૮ ડિગ્રી, મહુવામાં ૩૪ ડિગ્રી, કેશોદમાં ૩૭ ડિગ્રી, અમદાવાદમાં ૩૮ ડિગ્રી, ડીસામાં ૩૭ ડિગ્રી, ગાંધીનગરમાં ૩૮ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં ૩૬ ડિગ્રી, વડોદરામાં ૩૭ ડિગ્રી, સુરતમાં ૩૭ ડિગ્રી અને દમણમાં ૩૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

૧૯ માર્ચથી ૨૦ માર્ચ દરમિયાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં તેમજ દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ અને દાદરા-નગર હવેલી જિલ્લામાં તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના લગભગ તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજની શક્યતા છે.

૨૦ માર્ચથી ૨૧ માર્ચ દરમિયાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ અને મહિસાગર જિલ્લામાં તેમજ કચ્છ જિલ્લામાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગે ૧૯ અને ૨૦ માર્ચ માટે યલ્લો એલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની અને હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેથી ખેડૂતો અને નાગરિકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે.

## માવઠાની આગાહી વચ્ચે સુરતમાં એક જ દિવસમાં 4.6 ડિગ્રી તાપમાન ગગડ્યું

**મહત્તમ** તાપમાન 32.4 ડિગ્રી નોંધાયું, વાદળોને કારણે ભેજનું પ્રમાણ વધીને 72 ટકા

સુરતઃ સુરત શહેરમાં આજે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાનમાં એક જ દિવસમાં 4.6 ડિગ્રીનો ઘટાડો થતાં ગરમીમાંથી લોકોને થોડો રાહત અનુભવાયો હતો. અગાઉ 37 ડિગ્રી આસપાસ રહેલો તાપમાનનો પારો આજે સીધો ગગડીને 32.4 ડિગ્રી સુધી નોંધાયો હતો.

હવામાનમાં આવેલા આ ફેરફારને કારણે શહેરમાં ઠંડકનો અનુભવ થયો હતો. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નોંધાયો નહોતો અને તે 21.9 ડિગ્રી આસપાસ યથાવત રહ્યું હતું. હવામાન વિભાગના આંકડા મુજબ શહેરમાં આજે હવામાં ભેજનું પ્રમાણ પણ વધ્યું હતું. ભેજનું પ્રમાણ વધીને 72 ટકા સુધી પહોંચતા વાતાવરણમાં ભીનાશનો અનુભવ થયો હતો. આ સાથે શહેરમાં દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી અંદાજે 8 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો, જેના કારણે ગરમીમાં થોડો ઘટાડો અનુભવાયો હતો.

હવામાન વિભાગ દ્વારા અગાઉથી દક્ષિણ ગુજરાત વિસ્તારમાં માવઠાની આગાહી કરવામાં આવી હતી. આ

...અનુસંધાન પાના 5 પર

**સ્કૂલના કાર્યક્રમમાં ડાન્સ દરમિયાન પગ લાગ્યાની અદાવતમાં**

# ધો.10ના વિદ્યાર્થીને સ્કૂલની બહાર ચાર સગીરે છરાના ઘા મારી દીધા

**પાંડેસરાની** ગેલેક્સી આર્મી ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થી પર કરાયો હુમલો

**સ્કૂલના** બે વિદ્યાર્થી અને બે બહારના વિદ્યાર્થીએ ભેગા થઈને બોલાચાલી કરી અને બાદમાં ત્રણ ઘા ઝીંકી દીધા

**પોલીસે** હુમલો કરનારા ચારેય સગીરોને રેમ્બો છરો સાથે પકડી લીધા




સુરતઃ સ્કૂલના કાર્યક્રમમાં ડાન્સ કરતી વખતે પગ વાગવાને કારણે થયેલી નાની બોલાચાલીનો ખાર રાખી પાંડેસરા વિસ્તારમાં આવેલી ગેલેક્સી આર્મી ઇન્ટરનેશનલ સ્કૂલના ગેટ બહાર ધોરણ 10માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને ચાર સગીરો દ્વારા રેમ્બો છરોના ત્રણઘા મારી દેવાયા હતા. હુમલાને પગલે ગંભીર રીતે ઘાયલ થયેલા વિદ્યાર્થીને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ હુમલાને કારણે તે બોર્ડની પરીક્ષાનું પેપર આપી શક્યો નથી. પાંડેસરા પોલીસે ચારેય સગીરોને ઝડપી લઈ આગળની કાર્યવાહી શરૂ કરી છે.

પાંડેસરા વિસ્તારમાં કર્મયોગી સોસાયટી નજીક આવેલી ગેલેક્સી આર્મી ઇન્ટરનેશનલ સ્કૂલમાં વાર્ષિક કાર્યક્રમ યોજાયો હતો. આ

...અનુસંધાન પાના 5 પર

### હુમલા માટે વાપરેલો રેમ્બો છરો શોખ માટે ઓનલાઈન મંગાવ્યો હતો

એસીપી વિજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, મારામારી થવાના કિસ્સામાં ભોગ બનનાર શાળાનો વિદ્યાર્થી હતો અને મારામારી કરનાર ચારે પણ પાંડેસરામાં રહે છે. જે વિદ્યાર્થીઓમાંથી બે વિદ્યાર્થીઓ પાંડેસરાની ગેલેક્સી સ્કૂલના વિદ્યાર્થીઓ હતા અને બે વિદ્યાર્થીઓ ગૌરવ સ્કૂલના વિદ્યાર્થીઓ હતા. એમાંથી એક વિદ્યાર્થીએ ભણવાનું

...અનુસંધાન પાના 5 પર

### ‘તારામાં બહુ દમ છે’ કહી અપશબ્દો બોલી મારપીટ કરી

મળતી માહિતી મુજબ ભોગ બનનાર વિદ્યાર્થી શાળાનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઘરે જવા નીકળ્યો હતો. તે દરમિયાન અગાઉ થયેલી બોલાચાલીનો ખાર રાખીને તેની જ શાળામાં ભણતા કેટલાક વિદ્યાર્થીઓએ રસ્તામાં તેને રોકી લીધો હતો. શરૂઆતમાં આરોપીઓએ વિદ્યાર્થી સાથે ઉશ્કેરાઈને વાદવિવાદ શરૂ કર્યો હતો અને “તારામાં બહુ દમ છે?” તેમ કહી અપશબ્દો

...અનુસંધાન પાના 5 પર

### પાંડેસરા પોલીસે ચારેય સગીરોને પકડી પાડ્યા

ઘટનાની જાણ થતાં જ પાંડેસરા પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. પોલીસ દ્વારા આસપાસના વિસ્તારમાં તપાસ અને પૂછપરછ કરતાં હુમલામાં સંડોવાયેલા ચારેય સગીરોને ઝડપી લેવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આરોપીઓ કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકો છે. હાલ પોલીસે તેમના નિવેદનો નોંધવાની સાથે હુમલામાં ઉપયોગમાં લેવાયેલા

...અનુસંધાન પાના 5 પર

### હુમલાને કારણે ઈજા થવાથી વિદ્યાર્થી સોમવારની બોર્ડની પરીક્ષા આપી શક્યો નહીં



હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલો વિદ્યાર્થી હાલ ધોરણ 10ની બોર્ડ પરીક્ષા આપી રહ્યો હતો. પરંતુ આ અચાનક બનેલી ઘટનાને કારણે તેને હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું. જેના કારણે તે આજનું મહત્વપૂર્ણ પેપર આપી શક્યો નહોતો. આ પરિસ્થિતિને કારણે પરિવારજનોમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે. પરિવારનું કહેવું છે કે બાળક આખું વર્ષ મહેનત કરીને પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો, પરંતુ આ હુમલાએ તેના ભવિષ્ય પર પ્રશ્નચિહ્ન ઉભું કરી દીધું છે. જો આગળના પેપર પણ આપી શકશે નહીં તો તેનું આખું વર્ષ બગડવાની ભીતિ પરિવારજનોએ વ્યક્ત કરી છે.

...અનુસંધાન પાના 5 પર

**સુરતમાં LPG પુરવઠા મુદ્દે કલેક્ટરની કડક ચેતવણી**

# ગેસ કાળાબજારી રોકવા ‘ડિસ્ટ્રિક્ટ ટાસ્ક ફોર્સ’ એક્ટિવ

**સુરતમાં** એલપીજીનો પૂરતો સ્ટોક, પેનિક બુકિંગ ન કરવા અપીલ

સુરતઃ મિડલ ઇસ્ટમાં ઊભી થયેલી વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા ઘરેલું એલપીજી ગેસના પૂરતા અને નિયમિત પુરવઠા માટે સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. સુરત શહેર અને જિલ્લામાં ગેસ પુરવઠામાં કોઈપણ પ્રકારની અછત ન સર્જાય એ માટે કલેક્ટર ડો.સૌરભ પારઘીના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી ખાતે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી દર્શન શાહ, ગુજરાત

...અનુસંધાન પાના 5 પર


### ટાસ્ક ફોર્સમાં પુરવઠા અને પોલીસનો સમાવેશ

ગેસ પુરવઠામાં કૃત્રિમ અછત ઊભી ન થાય અને ગેરરીતિ અટકાવવામાં આવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ‘ડિસ્ટ્રિક્ટ ટાસ્ક ફોર્સ’ની રચના કરવામાં આવી છે. પુરવઠા વિભાગ અને પોલીસની સંયુક્ત ટીમો બનાવી ગોડાઉનોમાં આકસ્મિક તપાસ, રેન્ડમ ચેકિંગ અને મોનિટરિંગ તેજ કરવામાં આવ્યું છે. ગેસ સિલિન્ડરની કાળાબજારી અથવા ગેરરીતિ કરતા તત્વો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. કોઈપણ પ્રકારની ફરિયાદ માટે રાજ્ય સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર 1800 232 0222 જાહેર કરવામાં આવ્યો છે, જેના પર મળતી ફરિયાદો પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે.

### પેન્ડિંગ ગ્રાહકોને મુખ્ય ઓફિસે સંપર્ક કરવાની સૂચના

કલેક્ટરે સ્પષ્ટ કર્યું છે કે, જે ગ્રાહકોના PNG કનેક્શન લાંબા સમયથી પેન્ડિંગ છે તેમણે ગુજરાત ગેસની મુખ્ય ઓફિસે સંપર્ક કરવો જોઈએ. તમામ પેન્ડિંગ અરજીઓનો ઝડપી નિકાલ કરી લોકોને વહેલી તકે ગેસ કનેક્શન ઉપલબ્ધ કરાવવા માટે તંત્ર પ્રતિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું. જિલ્લા વહીવટી તંત્ર તમામ સંબંધિત એજન્સીઓ સાથે સતત સંપર્કમાં છે અને આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો જળવાઈ રહે એ માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યાં છે. નાગરિકોએ અફવાઓથી દૂર રહી સામાન્ય રીતે જ ગેસનો ઉપયોગ ચાલુ રાખવા અપીલ કરવામાં આવી છે.

### દેશી ફ્રીજ બજારમાં આવી ગયાં...



જ્યારે ફ્રીજ નહોતા ત્યારે લોકો માટલામાં જ પાણી ભરીને તેને ઠંડુ કરીને પીતા હતા. હાલમાં ફ્રીજ આવી ગયા પરંતુ તેમ છતાં પણ માટલાંનો જમાનો ગયો નથી. હજુ પણ મોટાભાગના ઘરોમાં માટલાં જોવા મળે છે. સુરતના બજારોમાં દેશી ફ્રીજ તરીકે ઓળખાતા માટલા આવી ગયા છે. **(તસવીરઃ સતીષ જાદવ)**

# કનેક્શન મામલે કલેક્ટરની બેઠકમાં ગુજરાત ગેસનું ‘ગેંગેંફેંફે’

**ગુજરાત** ગેસે માત્ર કોમર્શિયલ પેન્ડિંગ કનેક્શનની માહિતી બતાવી, ઘરેલું કનેક્શનના હજારો કેસો અંગે મૌન ધારણ કર્યું

**કંપનીએ** સાચી હકીકતો નહીં રજૂ કરતાં વાસ્તવિક સ્થિતિ છુપાવવામાં આવી રહી હોવાની આશંકા



સુરતઃ શહેરમાં ગેસ પુરવઠાની સ્થિતિ અંગે જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારઘીની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં ગુજરાત ગેસ કંપની દ્વારા માત્ર કોમર્શિયલ પેન્ડિંગ કનેક્શન અંગેની માહિતી રજૂ કરવામાં આવી હતી. જ્યારે ઘરેલું PNG કનેક્શનના પેન્ડિંગ કેસોની સંખ્યા ઘણી મોટી હોવા છતાં તેની કોઈ વિગતો બેઠકમાં રજૂ કરવામાં આવી નહોતી. જેના કારણે કંપની દ્વારા વાસ્તવિક સ્થિતિ છુપાવવામાં આવી રહી હોવાની શંકા ઉભી થઈ છે.

બેઠક દરમિયાન ગુજરાત ગેસ કંપનીએ કોમર્શિયલ કેટેગરીના કુલ 201 PNG કનેક્શન પેન્ડિંગ હોવાનું જણાવ્યું હતું. તેમાં રેસ્ટોરન્ટ, કેન્ટીન અને ફરસાણ શોપ - 51 કનેક્શન, કોલેજ અને એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ - 14 કનેક્શન, હોસ્પિટલ, ટેમ્પલ અને ટ્રસ્ટ - 7 કનેક્શન અને ઇન્ડસ્ટ્રીયલ અને ટેક્સટાઈલ યુનિટ - 129 કનેક્શન મળી આ રીતે કુલ 201 કોમર્શિયલ કનેક્શન પેન્ડિંગ હોવાનું જણાવાયું હતું. પરંતુ ઘરેલું કનેક્શનના પેન્ડિંગ કેસોની સંખ્યા કેટલી છે તેની કોઈ માહિતી રજૂ કરવામાં આવી નહોતી.

સુરતમાં હજારો ગ્રાહકો લાંબા સમયથી PNG કનેક્શન માટે રાહ જોઈ રહ્યા હોવાની ફરિયાદો સામે આવી રહી છે. તેમ છતાં કંપની દ્વારા માત્ર કોમર્શિયલ કનેક્શનનો જ આંકડો રજૂ કરાયો હોવાથી ઘરેલું પેન્ડિંગ કનેક્શનનો આંકડો જાણબૂઝીને છુપાવવામાં આવી રહ્યો હોવાની ચર્ચા ચાલી રહી છે.

**ધોરણ-12 સાયન્સની પરીક્ષા પૂર્ણ**

# બાયોલોજીનું પેપર NCERT આધારિત, મધ્યમ સ્તરનું રહ્યું

**MCQમાં** આંકડાકીય પ્રશ્નો વધુ, થિયરીમાં વિચારશક્તિ આધારિત પ્રશ્નો પણ પુછાયા

સુરતઃ ધોરણ-12 સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આજે બાયોલોજી વિષયનું પેપર લેવાતા બોર્ડ પરીક્ષાઓનો અંત આવ્યો હતો. બાયોલોજી વિષયનું પ્રશ્નપત્ર કુલ મળીને NCERT ટેક્સ્ટબુક આધારિત અને મધ્યમ સ્તરનું હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. પેપર સમયસર પૂર્ણ થઈ શકે એવું હોવાનું પણ વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું.

પ્રશ્નપત્રના ભાગ-Aમાં કુલ 50 MCQ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમાં 34 પ્રશ્નો સીધા થિયરીમાંથી હતા, જ્યારે 2 પ્રશ્નો આકૃતિ આધારિત હતા. ઉપરાંત 2 જોડકા આધારિત પ્રશ્નો, 1 સાચું-ખોટું વિધાન સાથે કારણ પૂછતો પ્રશ્ન અને 11 આંકડાકીય પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ વર્ષે MCQ વિભાગમાં આંકડાકીય પ્રશ્નોની સંખ્યા થોડું વધારે જોવા મળી હતી. જોકે મોટાભાગના MCQ પ્રશ્નો NCERT ટેક્સ્ટબુક સ્તરના અને સહેલા હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. પ્રશ્નપત્રના ભાગ-Bમાં કુલ 27 પ્રશ્નો વિકલ્પ સાથે આપવામાં આવ્યા હતા, જેમાં 4 પ્રશ્નો આકૃતિ આધારિત હતા અને 28 પ્રશ્નો થિયરી આધારિત હતા. બે માર્કના પ્રશ્નોમાંથી 2 પ્રશ્નો વિચારશક્તિ આધારિત હતા, જ્યારે ત્રણ માર્કના પ્રશ્નોમાં પણ 2 પ્રશ્નો એવા હતા કે જેમાં વિદ્યાર્થીની સમજ અને વિચારશક્તિની કસોટી કરવામાં આવી હતી. ચાર માર્કના પ્રશ્નોમાંથી એક પ્રશ્ન થોડો ટ્વિસ્ટ કરીને પૂછવામાં

...અનુસંધાન પાના 5 પર

**ચાર-ચાર કામદારોની લાશ પર બેસીને પોલીસનું ‘સેટિંગ’?**

# પાંડેસરાની પારસ મિલના માલિકો સામે કાર્યવાહી કરવામાં પોલીસની ‘નાદારી’

**GPCB** અને ફેક્ટલ ઇન્સ્પેક્ટરના ક્લિયર રિપોર્ટ બાદ મિલ માલિકોને સીધી નોટિસ ફટકારાઇ, પરંતુ પોલીસ મૌન

**રાજકીય** આકાઓનું દબાણ કે પછી પોલીસ અધિકારીઓની દોસ્તી કામે લાગીની ચાલતી ચર્ચા

### પોલીસની કામગીરી પર સવાલોની ઝડી

પાંડેસરાની ડાઈંગ મિલમાં ટાંકી સફાઈ દરમિયાન ચાર ગરીબ મજૂરોના થયેલા કરૂણ મોતના પ્રકરણમાં પાંડેસરા પોલીસની કામગીરી પર શંકાના ઘેરા વાદળ છવાયા છે. ચર્ચા એવી ગરમ છે કે પોલીસએ અસલી જવાબદાર મિલ માલિકને બચાવવા માટે માત્ર કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરી મામલો દબાવવાનો પ્રયાસ કર્યો છે. આ ઘટનામાં ગરીબ મજૂરોના જીવની કિંમત ન ગણી તપાસનું પિંડું વાળી દેવામાં આવ્યું હોવાની તીખી ટીકા થઈ રહી છે. સમગ્ર મામલે નિષ્પક્ષ અને કડક તપાસ થવી જોઈએ તેવી માંગ ઉઠી રહી છે.

સુરતઃ સુરતના પાંડેસરા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી પારસ ડાઈંગ મિલમાં ટેન્ક સફાઈ દરમિયાન ચાર મજૂરોના કરૂણ મોતની ઘટનાએ સમગ્ર શહેરને ઝંઝોળી નાખ્યું હતું. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને ફેક્ટરી ઈન્સ્પેક્ટરના સ્પષ્ટ રિપોર્ટ બાદ પણ પોલીસ દ્વારા મિલ માલિકો સામે કડક કાર્યવાહી ન થવાને કારણે અનેક પ્રશ્નો ઉભા થયા છે. પણ પાંડેસરા પોલીસે આખો કેસ દબાવી દીધો છે કે પછી પોલીસે રાજકીય આકાઓના દબાણથી પીછેહઠ થઈ રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

સુરત શહેરના ઔદ્યોગિક વિસ્તારમાં બનેલી પારસ ડાઈંગ મિલની દુર્ઘટના બાદ તંત્રના અલગ અલગ વિભાગોએ કાર્યવાહી શરૂ કરી હતી. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડે ઘટનાની ગંભીરતા ધ્યાને લઈને મિલને તાત્કાલિક અસરથી બંધ કરવાનો આદેશ આપ્યો હતો અને પર્યાવરણીય નિયમોના ભંગ બદલ 25 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. સાથે જ વીજ પુરવઠો કાપી નાખવા

...અનુસંધાન પાના 5 પર

# દાનકુનીથી સુરત ફ્રેટ કોરિડોર ઝડપથી બનશે, DPR માટે મીટિંગ થઇ

**પ્રોજેક્ટના** નકશા ઉપર ચર્ચા પણ કરવામાં આવી

સુરતઃ પશ્ચિમ બંગાળના દાનકુનીથી દક્ષિણ ગુજરાતના સુરત સુધીના આ વિશાળ કોરિડોર માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાના હેતુથી તાજેતરમાં એક અત્યંત મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ ના મેનેજિંગ ડિરેક્ટર પ્રવીણ કુમાર ની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં પ્રોજેક્ટના ભાવિ નકશા અને અમલીકરણ અંગે ગહન ચર્ચાઓ કરવામાં આવી હતી.આ બેઠકમાં ખાસ કરીને ટેકનિકલ અને નાણાકીય પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટના કન્સલ્ટન્ટ તરીકે કાર્યરત RV એસોસિએટ્સના પ્રતિનિધિઓએ બેઠકમાં હાજર રહીને DPR ના અપડેટ્સ રજૂ કર્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રેલવેના વિવિધ ઝોનલ એકમો દ્વારા સૂચવવામાં આવેલા ટેકનિકલ ફેરફારો અને સુધારાઓને આ અહેવાલમાં વણી લેવાયા છે. ખાસ કરીને આગામી દાયકાઓમાં માલસામાન ના પરિવહન (ફ્રેટ ટ્રાફિક) નો અંદાજ કેટલો રહેશે અને તે મુજબ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કેવું હોવું જોઈએ, તેની તુલનાત્મક સમીક્ષા કરવામાં આવી હતી. દાનકુની અને સુરતને જોડતા આ રૂટથી દેશના પૂર્વ અને પશ્ચિમ

...અનુસંધાન પાના 5 પર


**દ્વિમાસિક પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ**



“હે ખુદા, તારી આ ખુદાઈ મને મંજુર નથી, હું બાહોં ફેલાવું અને તું મને આપે એ વાત મને કદી મંજુર નથી.”

મારા પ્રિય મિત્ર, તમો ખમીરવંત જીવન જીવી મોતને વહાલું કર્યાને બે માસ વિતી ગયા, પરંતુ તમારી યાદો આજે પણ મારા હૃદયમાં તાજી રહેતા મારી આંખો હજી પણ તમને શોધે છે. તમો માત્ર એક મિત્ર ન હતાં, પરંતુ મારા જીવનના સાચાં માર્ગદર્શક, પ્રેરણાસ્ત્રોત અને મજબૂત આધાર હતા. આપનો માયાળુ સ્વભાવ, પ્રેમ અને સહકારી સિધ્ધાંતો મારા જીવનમાં હંમેશા પ્રકાશ ફેલાવતા રહેશે. આપનું શરીર ભલે મારી વચ્ચે નથી, પરંતુ આપના આશીર્વાદ અને સહકારી સંદેશો સદા મારી સાથે રહેશે.

પ્રભુ તમારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એવી વિભુવંદના સાથે શ્રધ્ધાંજલિ પાઠવું છું.

સ્વ. ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા
સ્વ. તા. ૧૭-૦૧-૨૦૨૬
કોસાડ, સુરત શહેર

લિ. શોકમાં ડુબેલ તમારો પરમ મિત્ર
બાબુભાઈ છોટુભાઈ દેસાઈ
નાણાંવટ ફળિયું, મોટાવરાછા, સુરત. મો. : ૯૯૨૫૩ ૭૬૪૭૨

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**પ્રથમ પૂણ્યતિથિએ પિતાશ્રીને ભાવભીની શ્રદ્ધાંજલિ**



એક વર્ષ વીતી ગયું હોવા છતાં તેમની યાદો, સંસ્કાર અને સ્નેહ આજે પણ અમારા જીવનમાં માર્ગદર્શન આપે છે. પિતાશ્રીનું સ્નેહમય વ્યક્તિત્વ અને ઉત્તમ મૂલ્યો હંમેશા અમારા હૃદયમાં જીવંત રહેશે.

પ્રભુ તેમના પવિત્ર આત્માને પરમ શાંતિ અને મોક્ષ પ્રદાન કરે તેવી હાર્દિક પ્રાર્થના..

સ્વ.ભગુભાઈ દુર્લભભાઈ પટેલ
સ્વ.તા. ૧૭/૦૩/૨૦૨૫

લિ. પરેશભાઈ ભગુભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
(SHIVAM AUXICHEM)
નિવાસસ્થાનઃ E-૧૬, દિવાળીબાગ ફલેટ્સ, રાંદેર રોડ, સુરત.

**ચોથી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ**



સ્વ. હસુમતિ
રતિલાલ લેસવાલા
તિથિ વદ તેરસ
સ્વ.તા 30-03-૨૦૨૨

કર્મ સદાય એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે અથાગ કઠોર પરિશ્રમ કરી ને સમૃદ્ધ બનાવી સારા સંસ્કાર આપી જીવન જીવવાની રાહ શીખવી ગયા, જગતની દરેક સમૃદ્ધિ મળશે પણ કલ્પવૃક્ષ જેવી તમારી છાયા ક્યાંય નહિ મળે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
સ્વ. રતિલાલ કેશવરામ લેસવાલા
સ્વ.શશીકાંત રતિલાલ લેસવાલા — જયોતિ શશીકાન્ત લેસવાલા
ભૂપેન્દ્ર રતિલાલ લેસવાલા — દક્ષા ભૂપેન્દ્ર લેસવાલા
દિનેશ રતિલાલ લેસવાલા — કાશ્મીરા દિનેશ લેસવાલા
સમગ્ર લેસવાલા પરિવાર

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ...**



સ્વ. છનાભાઈ મંગાભાઈ આહિર
સ્વ. તા. ૧૭.૦૩.૨૦૨૫
ફાગણ વદ ત્રીજ સોમવાર

સારા કર્મોની સુગંધ સદાયે રહેશે,
મિઠી વાણી હંમેશા યાદ રહેશે,
દેહ ભલે અદ્રશ્ય થયો હોય પરંતુ, આપની યાદ અમારી સાથે સદાય રહેશે.
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રભુ ચરણે પ્રાર્થના.

લિ.
કિશોરભાઈ છનાભાઈ આહિર (પુત્ર)
શાંતાબેન કિશોરભાઈ આહિર (પુત્રવધુ)
પાર્વતીબેન ઠાકોરભાઈ આહિર (પુત્રી)
હંસાબેન શૈલેષભાઈ આહિર (પુત્રી)
નયનાબેન બાબુભાઈ આહિર (પુત્રી)
ભારતીબેન ખંડુભાઈ આહિર (પુત્રી)
કેતનાબેન રાકેશભાઈ આહિર (પુત્રી)
શ્રેયા, નિધિ, ધ્રુવ